# નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત, અમદાવાદ ખાતે અગિયાર માસની કરાર આધારિત ખાલી જગ્યાઓ માટેની ભરતી અંગેની સૂચનાઓ

નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત, અમદાવાદ ખાતેની અગિયાર માસની કરાર આધારિત ખાલી જગ્યાઓ મેરીટના ધોરણે ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવાર તથા હાલ સ્નાતક/અનુસ્નાતક ડીગ્રી કોર્ષના છેલ્લા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓનલાઈન તથા ઓફલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૧૨/૦૭/૨૦૧૭, ૧૮:૦૦ કલાક સુધીમાં તેઓની અરજી કેસીજી કચેરી, અમદાવાદ ખાતે રજીસ્ટર્ડ એ.ડી.થી મોકલાવવાની રહેશે. **કોઇપણ અરજી રૂબરૂ સ્વિકારવામાં આવશે નહી.**

**૧. શૈક્ષણિક લાયકાત, અનુભવ, નિમણુંકનો સમયગાળો અને વયમર્યાદા:**

જુદી જુદી જગ્યાઓ સામે લાયકાત, અનુભવ, નિમણુંકનો સમયગાળો, વયમર્યાદા વગેરે પત્રક-1 માં દર્શાવ્યા મુજબના રહેશે. **ગુજરાતી ભાષાનું જ્ઞાન દરેક ઉમેદવાર માટે ફરજીયાત રહેશે.**

૨. મેરીટ ગુણની ગણત્રી

**(A)અભ્યાસક્રમ સમાપ્ત કરી ડીગ્રી પ્રાપ્ત કરનાર અને/અથવા અનુભવ ધરાવતા ઉમેદવારો માટે મેરીટ ગુણની ગણત્રી**

| ક્રમ | વિગત | મેરીટ ગુણની ગણત્રી કરવા માટેનો સૂચિત ક્રાઈટેરીયા |
|---|---|---|
| | | મહતમ ગુણ |
| ૧ | સ્નાતક કક્ષા<br>ગણત્રીની રીત: (સ્નાતક કક્ષાના ટકા × ૩૫)/૧૦૦ | ૩૫ (પ્રાપ્ત ગુણાંકના આધારે) |
| | અનુસ્નાતક કક્ષા<br>ગણત્રીની રીત: (અનુસ્નાતક કક્ષાના ટકા × ૧૫)/૧૦૦ | ૧૫ (પ્રાપ્ત ગુણાંકના આધારે) |
| | અનુભવના વર્ષ * ૧.૫ ગુણ | ૫ |
| ૨ | ઈન્ટરવ્યું(અલગ અલગ સ્કીલ ચકાસણી સહીત) | ૪૫ ગુણ<br>(લેખિત પરીક્ષા પ્રોજેક્ટ વર્ક સાથે ૧૫ ગુણ<br>જી.ડી(ભાષા પ્રભુત્વ) ૧૦ ગુણ<br>મૌખિક ઈન્ટરવ્યુ ૨૦ ગુણ) |
| | કુલ | ૧૦૦ ગુણ |

**B) ફ્રેશર ઉમેદવારો જેઓ સ્નાતક/અનુસ્નાતક ડીગ્રી કોર્ષના છેલ્લા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા હોય અને જેમનું અંતિમ પરિણામ જાહેર થયેલ નથી અને જેઓ સફળ પરિણામની અપેક્ષા જે તે ડીગ્રી માટે રાખે છે તેવા ઉમેદવારો માટે મેરીટ ગુણની ગણત્રી**

| ક્રમ | વિગત | મેરીટ ગુણની ગણત્રી કરવા માટેનો સૂચિત ક્રાઈટેરીયા |
|---|---|---|
| | | મહત્તમ ગુણ |
| ૧ | સ્નાતક કક્ષા (જાહેર થયેલ પરિણામોને આધારે)<br>ગણત્રીની રીત: (સ્નાતક કક્ષાના ટકા * ૩૫)/૧૦૦ | ૩૫ |
| | અનુસ્નાતક કક્ષા (જાહેર થયેલ પરિણામોને આધારે)<br>ગણત્રીની રીત: (અનુસ્નાતક કક્ષાના ટકા * ૨૦)/૧૦૦ | ૨૦ |
| ૨ | ઈન્ટરવ્યુ (અલગ અલગ સ્કીલ ચકાસણી સહીત) | ૪૫ ગુણ<br>(લેખિત પરીક્ષા પ્રોજેક્ટ વર્ક સાથે ૧૫ ગુણ<br>જી.ડી(ભાષા પ્રભુત્વ) ૧૦ ગુણ<br>મૌખિક ઈન્ટરવ્યુ ૨૦ ગુણ) |
| | કુલ | ૧૦૦ ગુણ |

**જાહેરાતમાં આપવામાં આવેલ તમામ જગ્યાઓ માટે જે ઉમેદવારો સ્નાતક/ અનુસ્નાતકની ડીગ્રી ધરાવે છે, તેવા ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવશે. ત્યારબાદ જો જગ્યા ખાલી રહેશે તો જ હાલ સ્નાતક/અનુસ્નાતક ડીગ્રી કોર્ષના છેલ્લા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા અને જેનું પરિણામ જાહેર થયેલ નથી તેવા ઉમેદવારોને હવે પછી જાહેર થનાર પરિણામને અંતે ડીગ્રી પ્રાપ્ત કર્યા બાદ જ ધ્યાને લેવામાં આવશે.**

જે વિધાર્થીઓનો અભ્યાસ સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ ચાલુ છે તેમનું મેરીટ લીસ્ટ અગાઉના સેમેસ્ટરના જાહેર થયેલ પરિણામોના આધારે તૈયાર થશે અને છેલ્લા સેમેસ્ટરનું અંતિમ પરિણામ જાહેર થયા બાદ જે પરિણામ આવે તે ઉમેર્યા પછી જે તે જગ્યાના જનરલ મેરીટ લીસ્ટ ગુણાંકન અગ્રતાક્રમ પ્રમાણે બનાવવામાં આવશે અને જરૂર પડે માત્ર જે તે ખાલી જગ્યાઓ માટે જ માત્ર મેરીટ લીસ્ટના ક્રમ અનુસાર

બોલાવવામાં આવશે. પસંદગી સમિતિ દ્વારા લેવાયેલ નિર્ણયો અંતિમ ગણાશે અને આ બાબતે કોઈ વાંધા વિરોધ સ્વિકારવામાં આવશે નહી.

**૩.ભરતી પ્રક્રિયાની કાર્યવાહી:**

ઉપર દર્શાવેલ કોષ્ટક A અને B મુજબ ઉમેદવારો માટે કોષ્ટકમાં દર્શાવેલ ક્રમ-૧ પ્રમાણે મેરીટ લીસ્ટ બન્યા પછી મેરીટ લીસ્ટમાંથી દરેક જગ્યાની સંખ્યાના માત્ર છ ગણા ઉમેદવારોને જ ભરતી પ્રક્રિયા અંગેની આગળની પસંદગી પ્રક્રિયા માટે બોલાવવામાં આવશે જેની દરેક ઉમેદવારે ખાસ નોંધ લેવી. તેથી માત્ર અરજી કરવાથી કે પસંદગી પ્રક્રિયા માટે બોલાવવાથી તે જગ્યા પર પસંદગી થયેલ છે એમ માનવું નહીં. ઈન્ટરવ્યુના ઓછામાં ઓછા એક અને વધુમાં વધુ ૩ રાઉન્ડ રાખવામાં આવશે. આ રાઉન્ડમાં Analytical Skills, Working with group skills, Presentation Skills, Psycho Analytical Skills, attitude, Creative Thinking, Language Proficiency, Critical Thinking, Writing Gujarati/English, Proficiency in Spoken English વગેરેની ચકાસણી કરવામાં આવશે અને તેમાં ઉમેદવારોએ મેળવેલ ગુણને અગાઉના મેરીટ ગુણમાં ઉમેરતા <u>જે અંતિમ મેરીટ યાદી બને તેના આધારે ઉમેદવારની પસંદગી થશે. આ બાબતે સમિતિનો નિર્ણય અંતિમ ગણાશે</u>. રૂબરૂ મુલાકાતનું સ્થળ કે.સી.જી, અમદાવાદ ખાતે રાખવામાં આવશે.

ઉપરોકત કોષ્ટક-A દર્શાવ્યા મુજબના ક્રાઈટેરીયાવાળા ઉમેદવારોને મેરીટમાં પ્રાથમિકતા આપવામાં આવશે અને જો ઉક્ત લાયકાત ધરાવતા ઉમેદવારો ન મળે તો જ કોષ્ટક-B મુજબના સેમેસ્ટરનું અંતિમ પરિણામ જાહેર ન થયું હોય તેવા ફ્રેશર ઉમેદવારોને બોલાવવામા આવશે. દરેક જ્ગ્યાની સંખ્યાના છ ગણા ઉમેદવારોને ઓનલાઇન અરજીમાં દર્શાવેલ ઇમેલ પર ઇન્ટરવ્યુની તારીખ અને સમય જણાવવામાં આવશે. ઉમેદવારોની સૌપ્રથમ લેખિત પરીક્ષા લેવામાં આવશે. લેખિત પરીક્ષામાં લઘુત્તમ ૬૦% ગુણ મેળવનાર ઉમેદવારોને જ ગ્રૂપ ડિસ્કશન અને મૌખિક ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે. ઉક્ત તમામ કાર્યવાહી પૂર્ણ થયા બાદ ઉપર દર્શાવ્યા મુજબ મેરીટ યાદી બનાવવામાં આવશે. મેરીટ યાદીમાં કેસીજી દ્વારા ૬૦% કરતા વધુ લાયકાત ધરાવનાર ઉમેદવારોને જ પસંદગી યાદી બનાવવા માટે ધ્યાનમાં લેવામાં આવશે. પસંદગી યાદીમાં જે તે જગ્યાની સંખ્યા જેટલા પ્રથમ આવતા ઉમેદવારોને પ્રમાણપત્રની ચકાસણી માટે બોલાવવામાં આવશે. પ્રમાણપત્રોની ચકાસણી બાદ લાયક થતા ઉમેદવારોને જ નિમણુંક આપવામાં આવશે જેની દરેક અરજી કરતા ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. ઉક્ત ભરતી પ્રક્રિયાની પસંદગી પ્રક્રિયા અન્વયે સૂચનાઓ ઈમેઈલ પર જ જણાવવામાં આવશે. <u>તેથી તેમણે દરરોજ ઇમેલ ચકાસતા રહેવુ તથા મોબાઇલ ફોન ચાલુ રાખવો. ઇન્ટરવ્યુમાં ઉમેદવારે સમયસર સ્વખર્ચે આવવાનું રહેશે.</u> તેથી ઉમેદવાર દ્વારા ક્યારેય ટી.એ./ડી.એ. કે અન્ય કોઇ ભથ્થાની માંગણી કરી શકાશે નહીં. <u>જે કોઈ</u>

ઉમેદવાર પસંદગી સમિતિ પર નિમણુંક માટે ભલામણ કે દબાણ લાવશે તો તેનું ઉમેદવારી પત્ર અચૂક રદ થશે.

**૪. ઓનલાઈન અરજીપત્રક ભરવા તેમજ સમગ્ર ભરતી બાબતની અગત્યની સુચનાઓ**

(A) લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત સમય મર્યાદામાં અરજી કરવાની રહેશે.

(B)અરજીપત્રક ભરતાં પહેલાં વેબસાઈટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવાનો રહેશે. ઉમેદવારે ભરેલ અરજી ફોર્મ આખરી ગણાશે. તેમાં પાછળથી કોઈપણ જાતના સુધારા-વધારા કરી શકાશે નહી કે ઉમેદવારની વિશેષ કોઈ રજૂઆત ગ્રાહ્ય રાખી શકાશે નહી.

(C) રજીસ્ટર્ડ એ.ડી.મારફત અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે.

(D) ઉમેદવારે સૌ પ્રથમ વેબસાઈટ http://www.kcg.gujarat.gov.in પરથી અરજીપત્રક ડાઉનલોડ કરી પ્રિન્ટ કાઢી અરજીપત્રકની સંપૂર્ણ વિગતો કાળજીપૂર્વક ભરી અરજી સાથે જરૂરી પુરાવાઓ, સર્ટીફિકેટ, માર્કશીટ વગેરેની સ્વપ્રમાણીત નકલ સહિત તા:૧૨/૦૭/૨૦૧૭ના સાંજના ૧૮:૦૦ કલાક સુધીમાં કેસીજી કચેરીએ મળી રહે તે રીતે રજીસ્ટર્ડ એ.ડી.થી મોકલી આપવાની રહેશે.ઉક્ત સમયબાદ કોઇપણ અરજી સ્વીકારવામાં આવશે નહીં, જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.અરજીપત્રકમાં ભરેલી વિગતોમાં પાછળથી કોઈપણ સંજોગોમાં ઉમેદવાર ફેરફાર કરી શકશે નહીં જો ઉમેદવારે અરજીપત્રકમાં ભુલ કરશે કે જાણી જોઇને ખોટી માહિતી આપશે તો તેવી અરજી ઉપર કોઈ વિચારણા કરવામાં આવશે નહીં અને તે ઉમેદવારની અરજી આપોઆપ રદ ગણાશે જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે. રૂબરૂ કોઈ અરજી સ્વિકારવામાં આવશે નહીં.

(E) વેબસાઈટ પર આપેલ લિંક પર ક્લિક કરી ગુગલ ફોર્મ પણ ભરવાનું રહેશે.ગુગલ ફોર્મ ભરેલું હશે અને અરજી મોકલેલી હશે તેનું જ ફોર્મ માન્ય ગણાશે માટે ઉમેદવારે બંને વસ્તુ ધ્યાનમાં લેવી ખાસ જરૂરી છે.

(F) ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઈલ નંબર અને ઇમેલ આઇડી અવશ્ય આપવાના રહેશે. આ નંબર અને ઇમેલ આઇડી પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવા નહીં. જેથી જરૂરિયાતના સંજોગોમાં જરૂરી સૂચના અને માહિતી આપી શકાય.

(G) ઉમેદવાર મહત્તમ ત્રણ જગ્યા માટે જ ઉમેદવારી નોંધાવી શકશે. તેથી ફોર્મ ભરતી વખતે

ઉમેદવારે મહત્તમ ત્રણ જગ્યાને પસંદગી ક્રમ આપવાના રહેશે. વધારે જગ્યાની ઉમેદવારી દર્શાવેલ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં, અને આવું ફોર્મ રદ ગણાશે.

- કરાર આધારિત ભરતી સંબંધે તમામ સુચનાઓ/વિગતો વખતોવખત વેબસાઈટ પરથી જોવા મળી શકાશે.
- જો કોઈ ઉમેદવાર કેસીજીએ ઈમેલથી મોકલેલ સમય અને તારીખે ઉપસ્થિત ન રહી શકે તો તેઓનો નિમણુંક મેળવવા માટેનો હક રદબાતલ થયેલ ગણાશે. સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

**પ્રમાણપત્રોનું વેરીફીકેશન**

- પસંદગી પ્રકિયા દરમિયાન કે બાદ જરૂર જણાય ત્યારે ગમે ત્યારે અરજીપત્રકમાં દર્શાવેલ વિગતોની ચકાસણી કરવામાં આવશે અને જો કોઇ ઉમેદવાર બનાવટી દસ્તાવેજો રજુ કરીને કે દસ્તાવેજો સાથે ચેડાં કરેલ માલુમ પડશે તો તેમની સામે નિયમાનુસાર શિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે અને તેમની નિમણુંક રદ બાદલ ગણવામાં આવશે.આ બાબતે સમિતિનો નિર્ણય અંતિમ ગણાશે.
- જે ઉમેદવાર અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ઠેરવવામાં આવશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધુરી અથવા ભુલભરેલી ઠરશે તો ભવિષ્યમાં સરકારી ભરતી અને સેવાના કોઇપણ તબક્કે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઇપણ પ્રકારની રજુઆત સ્વીકારવામાં આવશે નહીં તમામ બાબતોમાં સમિતિના ચેરમેનનો નિર્ણય અંતિમ ગણાશે.
- ઉમેદવારને અરજી ભરવામાં કે અન્ય કોઇ તકલીફ પડે તો હેલ્પ નંબર પર સવારે ૧૦:૩૦ થી સાંજે ૬:૩૦ સુધી સંપર્ક કરી શકશે.

  - મનોજ કરથીયા, હેડ ઓફ ઈનીશીએટીવ(૯૯૭૮૪૪૦૧૮૯)
  - અપેક્ષા શાહ, પ્રોગ્રામ ઓફિસર(૯૯૭૮૪૪૦૧૭૯)
  - ભાવિન પારેખ, પ્રોગ્રામ ઓફિસર(૯૯૭૮૪૪૦૪૯૭)

સી.ઈ.ઓ
નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત,
અમદાવાદ